
# Kids કોર્નર



You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશ્યલી તમારા માટે છે. If you have your poem, your story or a game for print અથવા તમે કોઈ એવી સિધ્ધિ મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત With photograph and biodata અહીં મોકલી આપો. આ ખૂણો બિલકુલ તમારો છે. બીજા kidsને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેન્ડ (send) કરો.

e-mail : kidscorner@gujaratmitra.in



## મગર અને શિયાળ

વારતા રે વારતા

એક હતી નદી. એમાં એક મગર રહે. એક વાર ઉનાળામાં નદીનું પાણી સાવ સુકાઈ ગયું. ટીપુંય પાણી ન મળે. મગરનો જીવ જાઉં જાઉં થવા લાગ્યો. મગર હાલીચે ન શકે ને ચાલીયે ન શકે.

નદીથી દૂર એક ખાડો હતો. એમાં થોડુંક પાણી રહ્યું હતું. પણ મગર ત્યાં જાય શી રીતે ? ત્યાંથી એક કણબી જતો હતો. મગર કહે : "એ કણબીભાઈ, એ કણબીભાઈ ! મને ક્યાંક પાણીમાં લઈ જા ને ! ભગવાન તારું ભલું કરશે." કણબી કહે : "લઈ જાઉં તો ખરો, પણ પાણીમાં લઈ જાઉં ને તું મને પકડી લે, તો ?" મગર કહે : "છટ્ છટ્, હું તને પકડું ? એવું બને જ કેમ ?"

પછી કણબી તો એને ઉપાડીને પેલા ખાડા પાસે લઈ ગયો ને પાણીમાં નાખ્યો. પાણીમાં પડતાંની સાથે જ મગર પાણી પીવા લાગ્યો. કણબી એ જોતો જોતો ઊભો રહ્યો, એટલામાં મગરે પાછા વળીને કણબીનો પગ પકડ્યો. કણબી કહે : "તેં નહોતું કીધું કે તું મને ખાઈશ નહિ ? તો હવે મને કેમ પકડે છે ?"

મગર કહે : "જો, હું તો કંઈ તને પકડત નહિ. પણ મને ભૂખ એટલી બધી લાગી છે કે ખાધા વિના મરી જઈશ. એમાં ઊલટી તારી મહેનત નકામી જાય ને ? આઠ દિવસનો તો ઉપવાસી છું." કહી મગર કણબીને પાણીમાં ખેંચવા લાગ્યો. કણબી કહે : "જરા ઊભો રહે. આપણે કોઈની પાસે ન્યાય કરાવીએ."

મગરે મનમાં વિચાર્યું : ભલે ને જરા ગમ્મત થાય ! એણે તો કણબીનો પગ મજબૂત પકડી રાખ્યો ને બોલ્યો : "પૂછ - તું તારે ગમે તેને પૂછ !" એક ઘરડી ગાય ત્યાંથી જતી હતી. કણબીએ એને બધી વાત કહીને પૂછ્યું : "તું જ કહે ને, બહેન ! આ મગર મને ખાય છે, એ તે કાંઈ ઠીક કહેવાય ?" ગાય કહે : "મગરભાઈ ! તમ તમારે ખાઈ જાઓ કણબીને. એની જાત જ ખરાબ છે. દૂઝણાં હોઈએ ત્યાં સુધી રાખે, ને ઘરડાં થયાં કે કાઢી મૂકે, કેમ કણબા ! સાચી વાત ને ?" એટલે મગર કણબીને જોરથી ખેંચવા લાગ્યો. કણબી કહે : "જરા વાર થોભ. બીજા કોઈને આપણે પૂછીએ."

ત્યાં એક લૂલો ઘોડો ચરતો હતો. કણબીએ બધી વાત એને કહીને પૂછ્યું : "કહે ભાઈ ! આ કાંઈ સારું કહેવાય ?" ઘોડો કહે : "મહેરબાન ! સારું નહિ ત્યારે શું ખરાબ ? મારી સામું તો જો ? મારા ધણીએ આટલાં વરસ મારી પાસે ચાકરી કરાવી ને હું લંગડો થયો એટલે મને કાઢી મૂક્યો ! માણસની જાત જ એવી છે ! મગરભાઈ, ખુશીથી ખાઈ જા એને."

મગર તો પછી કણબીનો પગ વધારે જોરથી ખેંચવા લાગ્યો. કણબી કહે : "જરાક થોભી જા. હવે એક જ જણને પૂછી જોઈએ. પછી ભલે તું મને ખાજે." ત્યાંથી નીકળ્યું એક શિયાળ. કણબી કહે : "શિયાળભાઈ ! મહેરબાની કરીને જરા અમારો એક ન્યાય કરશો ?" દૂરથી શિયાળે કહ્યું : "શું છે, ભાઈ ?" કણબીએ સઘળી વાત કરી. શિયાળ એકદમ સમજી ગયું કે મગરનો વિચાર કણબીને ચટ કરી જવાનો છે. એટલે તે બોલ્યું : "હેં કણબી ! ત્યાં કોરી જગ્યાએ તું પડ્યો હતો ?" મગર કહે : "ના રે ના ! ત્યાં તો હું પડ્યો હતો." શિયાળ કહે : "હં હં, મને બરાબર સમજાયું નહોતું. ઠીક, પછી શું થયું ?" કણબીએ વાત આગળ ચલાવી. શિયાળ કહે : "શું કરું ? - મારી અક્કલ ચાલતી નથી; કાંઈ સમજાતું નથી. ફરીથી બરાબર કહે. પછી શું થયું ?" મગર જરા ચિડાઈને બોલ્યો : "જો, હું કહું છું. આ જો, હું ત્યાં પડ્યો હતો." શિયાળ જરા માથું ખંજવાળતું વળી બોલ્યું : "ક્યાં ? કેવી રીતે ?" મગર તો વાત કહેવાના તોરમાં આવી ગઈ. એણે કણબીનો પગ છોડ્યો અને પોતે ક્યાં ને કેવી રીતે પડી હતી તે બતાવવા લાગી.

તરત શિયાળે કણબીને ઈશારો કર્યો કે, ભાગ ! કણબી ભાગ્યો ને શિયાળ પણ ભાગ્યું. પછી ભાગતાં ભાગતાં શિયાળ બોલ્યું : "મગરભાઈ, હવે સમજાયું કે તમે કેવી રીતે પડ્યા હતા તે ! કહો જોઈએ - પછી શું થયું ?" મગર તરફડતો પડ્યો રહ્યો ને શિયાળ ઉપર ખૂબ દાંત પીસવા લાગ્યો.

## નવા વર્ષમાં લો આ અનોખા ગામની મુલાકાત, અહીંના દરેક ઘરનો શણગાર થાય છે મકાઈથી!

અજબ ગજબ

સાંઈજી અને ભટોલી ગામો પહાડીઓની રાણી મસૂરીથી લગભગ 16 કિલોમીટરના અંતરે આવેલા છે, જે મકાઈના ગામ તરીકે પ્રખ્યાત છે. આ ગામની અનોખી પરંપરાને જોવા માટે અહીં દેશમાંથી જ નહીં વિદેશથી પણ લોકો આવે છે. લોકોને અહીં દરેક ઘરની દિવાલો અને છત પર મકાઈ લટકતી જોવા મળે છે.

મળતી માહિતી મુજબ, અહીં પરંપરાગત ખેતી દરમિયાન, મકાઈનું મોટા પ્રમાણમાં ઉત્પાદન થાય છે અને પછી તેને બીજ માટે લટકાવવામાં આવે છે, જેથી આવતા વર્ષે ફરીથી પાક ઉગાડી શકાય.

જોકે, તે એક જૂનો રિવાજ છે કે લોકો લસણ, ડુંગળીથી લઈને મકાઈ વગેરે બીજ માટે લટકાવતા હોય છે, પરંતુ સ્થાનિક કુંવર સિંહે આ દિશામાં ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. કહેવાય છે કે, તે ભણવા માટે શહેરમાં ગયો હતો અને ત્યાંથી પોતાના ગામ પાછો ફર્યો ત્યારે તેણે એક વિદેશી મહિલા સાથે લગ્ન કરી લીધા. આ પછી, જ્યારે વિદેશથી લોકો તેમને મળવા આવતા, ત્યારે તેઓ આ મકાઈ અથવા ધાબા પર લટકતા જોઈને ખુશ થઈ જતા. આ પછી તેણે મકાઈથી ઘરોને સજાવવાનો ટ્રેન્ડ શરૂ કર્યો.

આજે, સાંઈજી ગામના ઘરોના ઉંબરા, દરવાજા, બારી અને છત પર મકાઈના ડોડા લટકાવવામાં આવે છે. આ ઉપરાંત, આ થીમ પર ઘણા કાફે અને રેસ્ટોરન્ટ્સ પણ બનાવવામાં આવ્યા છે, જે તેમની અનોખી સંસ્કૃતિથી પ્રવાસીઓને આકર્ષે છે.



કોર્ન વિલેજમાં થતી ઉજવણી વિશે વાત કરીએ તો, અહીં જાન્યુઆરીમાં એક બકરી ઉત્સવનું આયોજન કરવામાં આવે છે, જ્યાં બકરાનું બલિ આપવામાં આવે છે. બીજી તરફ, જૂન મહિનામાં માછલીનો તહેવાર ઉજવવામાં આવે છે, જેને મૌંડ ફેસ્ટિવલ કહેવામાં આવે છે.

## હેપ્પી બર્થડે



નામ : અલીના શેખ
માતા : સાનિયા શેખ



નામ : તીર્થ જરીવાલા
માતા : અંકિતા જરીવાલા

## બાળગીત

### મમ્મી બોલી

મમ્મી બોલી ઊઠો બેટા,
સૂરજ જાગ્યો તારા પે'લા!
દાતણ કર, આંખો ધો,
નાસ્તો તૈયાર છે આમ જો!
ચાલ ફટાફટ કરાવું સ્નાન,
સાંભળ વાત તું ખોલી કાન!
લે આ પાટી-પેન લેસન કર,
હું બનાવું જમવાનું સમયસર!
મમ્મી મમ્મી બેલ વાગ્યો!
વંદન કરીને ભણવા ચાલ્યો!
છગન-મગન, ચીંકી-મીંકી,
ચાલી નિશાળે ટીંગાટોળી!


**- કેશવ સુથાર**

## તફાવત શોધો





## રસ્તો શોધો




## શબ્દો શોધો

WORD SEARCH PUZZLE



| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Z | E | B | G | I | R | A | F | F | E |
| E | C | R | O | C | O | D | I | L | E |
| B | W | K | S | J | Y | R | U | J | N |
| R | R | C | H | V | S | B | L | M | F |
| A | H | A | E | D | B | D | I | J | I |
| G | T | T | E | C | B | D | O | U | S |
| D | F | H | P | V | E | P | N | R | H |
| D | K | A | N | G | A | R | O | O | Y |
| S | D | E | S | T | I | G | E | R | R |
| H | I | P | P | O | T | A | M | U | S |
| T | I | G | F | I | S | C | R | A | B |

## ટપકાં જોડો



## PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME

Q 1

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 2 | | 4 | | 6 | | 8 | = | 8 |
| 2) | 2 | | 4 | | 6 | | 8 | = | 6 |
| 3) | 2 | | 4 | | 6 | | 8 | = | 4 |

### CHANGE THE WORD

Q 2

આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| C | | W |
| C | | T |
| C | | T |
| B | | T |

### CHHOTA SUDOKU

Q 3

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| | | 6 |
| | 2 | |
| 8 | | |

વર્તુળો: 21, 16, 23, 12

### BROKEN WORDS

Q 4

નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલી ચાવીની મદદથી જોડીને જેનો પહેલો અક્ષર 'M' અને છેલ્લો અક્ષર 'L' હોય તેવા 7 જુદા જુદા શબ્દો બનાવો.

| | | | | |
|---|---|---|---|---|
| MA | RG | GI | MA | AL |
| CAL | RI | LL | NU | MA |
| MA | AL | MA | TAL | MA |
| AL | MA | IN | MM | IL |

| ચાવી | શબ્દો |
|---|---|
| 4 અક્ષર | 2 |
| 6 અક્ષર | 2 |
| 7 અક્ષર | 2 |
| 8 અક્ષર | 1 |

જવાબ
1. MAIL
2. MALL
3. MAMMAL
4. MANUAL
5. MAGICAL
6. MARITAL
7. MARGINAL

### જવાબો

Q 1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 2 | + | 4 | - | 6 | + | 8 | = | 8 |
| 2) | 2 | × | 4 | × | 6 | ÷ | 8 | = | 6 |
| 3) | 2 | + | 4 | + | 6 | - | 8 | = | 4 |

Q 2

| | | |
|---|---|---|
| C | O | W |
| C | O | T |
| C | U | T |
| B | U | T |

Q 3

| | | |
|---|---|---|
| 3 | 7 | 6 |
| 9 | 2 | 1 |
| 8 | 4 | 5 |

વર્તુળો: 21, 16, 23, 12